# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦ તા.૧૬-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-''બાળકવિ'' સંમેલન યોજવા બાબત.

સંદર્ભ :-૧. ક.પ્રાશિનિ/છ-૨/બાળકવિ/સંમેલન/૨૦૧૫/૭૦૮-૬૯ પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીનો તા.૬-૪-૧૫નો પત્ર.

૨. સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૪ /તા.૮-૪-૧૫

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભા વિકસે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓને રમત-ગમત,કલા તથા સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરવા પ્રોત્સાહિત કરે છે. આ પ્રેરક વિચારને કાર્યાન્વિત કરવા રાજ્ય કક્ષાએ ''બાળકવિ'' સંમેલનનું આયોજન કરવાનું વિચારેલ છે, તે તમો જાણો જ છો. તો તમારી શાળાના વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ વર્તમાનપત્રોમાં/ સામાયિકોમાં/સોવેનિયરમાં/વિશેષાંકમાં/ શાળાઓના વિશેષ દિન(જેવા કે રજત જયંતિ સુવર્ણજયંતિ)ના ઉપક્રમે બહાર પાડેલા સોવેનિયરમાં,જ્ઞાતિઓના સામાયિકોમાં કે અન્ય કોઈ જગ્યાએ સ્વરચિત કાવ્યો પ્રકાશિત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને તમારી શાળાના ભાષા શિક્ષકો દ્વારા માર્ગદર્શન મળે તેવું આયોજન કરવાનું રહેશે અને તમારા બીટ સુપરવાઈઝરે આપેલ સૂચના મુજબ તા.૧૮-૪-૧૫ના રોજ ભાષા શિક્ષક સાથે મોકલવાના રહેશે.

બીટકક્ષાએ પસંદગી પામેલ ત્રણ વિદ્યાર્થીઓને તા.૨૩-૪-૧૫ના રોજ સવારે ૯-૩૦ કલાકે સ્કાઉટભવન, પાલડી ખાતે ભાષાશિક્ષક સાથે મોકલવાના રહેશે. ત્યાં વિદ્યાર્થીઓએ રજૂ કરેલ કૃતિઓને આધારે જે બાળકો પસંદગી પામશે તેમને વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે, તેની નોંધ લેશો.

તા.૧૬-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી